**વોર્ડ-6 ની જનતાનો હુંકાર :** પીવાના પાણીની સમસ્યા અને તળાવની દુર્ગંધથી ત્રસ્ત રહીશોએ કોર્પોરેશન સામે આકરા પાણીએ

# ‘વોટ લેવા આવશો તો ઘૂસવા નહીં દઈએ’

## પીવાના પાણીની સમસ્યા અને તળાવની દુર્ગંધથી ત્રસ્ત : રહીશોએ મ્યુનિસિપલ કોર્પોરેશન સામે ખાળ્યું આકરા પાણીએ

(પ્રતિનિધિ) વડોદરા તા.7

ચૂંટણી નજીક આવતા જ રાજકીય પક્ષો અને નેતાઓ વિકાસના દાવાઓ સાથે જનતા વચ્ચે જવાની તૈયારી કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ વડોદરા શહેરના વોર્ડ નંબર-6 ના રહીશોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. વર્ષોથી પીવાના પાણીની સમસ્યા અને તળાવમાં ફેલાયેલી ગંદકીથી ત્રસ્ત બનેલા સ્થાનિકોએ આ વખતે કડક વલણ અપનાવતા ચીમકી ઉચ્ચારી છે કે, “જો સમસ્યાનું નિરાકરણ નહીં આવે, તો વોટ લેવા આવનાર કોઈપણ નેતાને વિસ્તારમાં ઘૂસવા દેવામાં આવશે નહીં.” સ્થાનિક રહીશોએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, છેલ્લા 30 વર્ષથી અમે આ વિસ્તારમાં રહીએ છીએ. આટલા લાંબા સમયગાળામાં અહીંના ચૂંટાયેલા કોર્પોરેટરોનો વિકાસ તો ચોક્કસ થયો છે, પરંતુ જનતાની હાલત ઠેરની ઠેર રહી છે. રહીશોનો આરોપ છે કે ચૂંટણી સમયે મોટા-મોટા વાયદાઓ કરીને નેતાઓ ગાયબ થઈ જાય છે અને બાદમાં લોકોની સમસ્યા સાંભળવા સુદ્ધાં કોઈ આવતું નથી. વિસ્તારમાં આવેલા તળાવની હાલત અત્યંત બિસ્માર છે. તળાવમાં ચારેતરફ ગંદકી અને કચરાના ઢગલા ખડકાયેલા છે, જેના કારણે મચ્છરોનો ત્રાસ અને રોગચાળો ફેલાવાનો ભય સતત રહે છે. આ ઉપરાંત, પીવાના પાણીની સમસ્યા પણ અહીં વિકટ બની છે. પૂરતા દબાણથી પાણી ન મળવું અથવા તો દૂષિત પાણીની ફરિયાદો વારંવાર કરવા છતાં કોર્પોરેશન દ્વારા કોઈ નક્કર કામગીરી કરવામાં આવી નથી. વોર્ડ-6 ના રહીશોએ એકસૂરે જણાવ્યું હતું કે, અમે અનેકવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે, પરંતુ તંત્રના બહેરા કાને અમારી બૂમ પહોંચતી નથી.

હવે જ્યારે ફરીથી ચૂંટણીનો માહોલ જામી રહ્યો છે, ત્યારે રહીશોએ નક્કી કર્યું છે કે આ વખતે માત્ર વાયદાઓથી કામ ચાલશે નહીં. જો નેતાઓ વોટ માંગવા આવશે તો તેમને કડવા સવાલોનો સામનો કરવો પડશે અને જરૂર પડ્યે વિસ્તારમાં પ્રવેશબંધી પણ કરવામાં આવશે.



કેબિનના આગળના ભાગે ફસાયેલ ચાલકને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે ખસેડાયો

# જાંબુઆ બ્રિજ નજીક 16 પૈડાંવાળુ ટ્રેલર પલટી જતા ચાલક ફસાયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરા શહેર નજીકથી પસાર થતાં નેશનલ હાઈવે નંબર 48 ઉપર તરસાલીથી જાંબુઆ બ્રિજ તરફ જવાના માર્ગે પુરપાટ ઝડપે દોડી રહેલા ટ્રેલરના ચાલકે કાબુ ગુમાવતા ટ્રેલર રોડ સાઈડ ઉપર પલટી ખાઈ ગયું હતું. ચાલકને ઈજા પહોંચાડતા તાત્કાલિક તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સદનસીબે મોટી જાનહાનિ થતા ટળી હતી. જ્યારે ટ્રેલરમાં આગળના ભાગે નુકસાન થયું હતું. વડોદરા શહેર જિલ્લા અને હાઈવેના માર્ગો ઉપર રફતારનો કહેર અટકવાનું નામ લઈ રહ્યો નથી. સોમવારે સાંજે જીએસએફસી બ્રિજ ખાતે ગોઝારા અકસ્માતની ઘટના બાદ બીજા દિવસે નેશનલ હાઈવે નંબર 48 ઉપર વધુ એક અકસ્માતની ઘટના બની હતી. પ્રાપ્ત



માહિતી અનુસાર અમદાવાદ તરફથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર 48 ઉપર એક મોટું ટ્રેલર વહેલી સવારે પલટી ખાઈ ગયું હતું. GJ12BX 7313 નંબરનું ટ્રેલર નેશનલ હાઈવે નંબર 48 ઉપર થી પસાર થઈ રહ્યો હતો. દરમિયાન વહેલી સવારના સુમારે તરસાલીથી જામ્બુવા તરફ જવાના માર્ગ ઉપર બળીયાદેવ પીર મંદિરની પાસે ટ્રેલરના ચાલકે અચાનક ગાડી પર નિયંત્રણ ગુમાવતા ગાડી રોડ સાઈડ પર પલટી ખાઈ ગઈ હતી. મોટો અવાજ થતા સામેના ભાગે અન્ય ધંધાર્થીઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. અને કેબિનના આગળના ભાગે ફસાયેલ ચાલકને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. સદનસીબી આ ઘટનામાં મોટી જાનહાની થતા ટળી હતી. ચાલકને સામાન્ય ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર ચાલકને ઝોકૂ આવી જતા સ્ટેયરીંગ પર કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું હતું.

ડિપ્લોમા ટુ ડીગ્રીની પ્રવેશ માટેની પરીક્ષાની તારીખોમાં ફેરફાર

# 26 એપ્રિલની પરીક્ષા 5 મેના રોજ 9 મેએ ફાર્મસીની પ્રવેશ પરીક્ષા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

રાજ્યમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ દ્વારા ડિપ્લોમા ટુ ડિગ્રી માટેની પ્રવેશ પરીક્ષાની તારીખોમાં ફેરફાર કરવાનો નિર્ણય લેવાયો છે. અગાઉ આ પરીક્ષાઓ એપ્રિલ મહિનામાં યોજાવાની હતી, પરંતુ હવે તે મે મહિનામાં લેવામાં આવશે. નવા જાહેર કરાયેલા શિડ્યુલ મુજબ, જે પ્રવેશ પરીક્ષા અગાઉ 26 એપ્રિલના રોજ યોજાવાની હતી, તે હવે 5 મે ના રોજ આયોજિત કરવામાં આવશે. આ ફેરફાર મુખ્યત્વે એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે છે. બીજી તરફ, ડિપ્લોમા ટુ ડિગ્રી ફાર્મસીના વિદ્યાર્થીઓ માટેની પ્રવેશ પરીક્ષા હવે 9 મે ના રોજ લેવામાં આવશે. વહીવટી તંત્ર અને ચૂંટણીની કામગીરીમાં રોકાયેલા સ્ટાફને પહોંચી વળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા આપવામાં કોઈ અગવડતા ન પડે. આ વર્ષે રાજ્યની વિવિધ 30 યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવા માટે હજારો વિદ્યાર્થીઓએ નોંધણી કરાવી છે. આંકડાકીય વિગતો મુજબ, એન્જિનિયરિંગ શાખામાં અંદાજે 21,707 વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે, જ્યારે ફાર્મસી શાખામાં 339 વિદ્યાર્થીઓ પોતાની બેઠક સુરક્ષિત કરવા માટે મેદાનમાં છે. આ પ્રવેશ પરીક્ષા દ્વારા રાજ્યની સરકારી અને ખાનગી યુનિવર્સિટી ઓમાં ડિગ્રીના બીજા વર્ષમાં સીધો પ્રવેશ આપવામાં આવે છે. તારીખોમાં ફેરફાર થવાથી વિદ્યાર્થીઓમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. કેટલાક વિદ્યાર્થીઓ માને છે કે પરીક્ષા પાછળ ઠેલાવાથી તેમને રિવિઝન અને તૈયારી માટે 10 થી 12 દિવસનો વધારાનો સમય મળ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા ઉમેદવારોને સલાહ આપવામાં આવી છે કે તેઓ લેટેસ્ટ અપડેટ માટે સત્તાવાર વેબસાઈટ પર નજર રાખે અને નવા હોલ ટિકિટ સંબંધિત સૂચનાઓનું પાલન કરવા જણાવાયું છે.

## વાહનની નોંધણી તેમજ ઉપયોગ માટે પરવાનગી અંગે જાહેરનામુ

વડોદરા : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થા નિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલ કરવામાં આવી છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના નિતિ નિયમોનુસાર આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે.ચૂંટણીને અનુલક્ષીને તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો તેમના કાર્યકરો સાથે વાહન ઉપર લાઉડ સ્પીકર લગાડી પ્રચાર કરતા હોય છે. જેમાં, પ્રચારમાં વાહનોનો ઉપયોગ કરવા માટે તે વાહનની નોંધણી કરાવી પરવાનગી લેવાની થાય છે. વાહનની નોંધણી તેમજ તેના ઉપયોગ માટેની પરવાનગીની કાર્યવાહી જે તે સંબંધિત ચૂંટણી અધિકારી તરફથી કરવામાં આવે છે. જે પરમીટ વાહન ઉપર સ્પષ્ટ દેખાય તેવી રીતે વીન્ડ સ્ક્રીન પર લગાવવાની રહે છે.

કોર્પોરેટરો માત્ર મૂલાકાત લઈને જતા રહે છે, સમસ્યાઓ ઠેરની ઠેર

# નવાપુરામાં “ગંદા પાણી અને ભરાતા વરસાદી પાણીથી ક્યારે મળશે મુક્તિ?

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

ચૂંટણીનો માહોલ જામ્યો છે ત્યારે નેતાઓ મતદારોના ઘર સુધી પહોંચી રહ્યા છે. પરંતુ વડોદરાના નવાપુરા વિસ્તારમાં પરિસ્થિતિ કંઈક અલગ જ જોવા મળી રહી છે. અહીંના રહીશો વર્ષોથી પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહ્યા છે. ગંદું પાણી અને ચોમાસામાં ભરાતા વરસાદી પાણીની સમસ્યાએ લોકોનું જીવવું દુષ્કર બનાવી દીધું છે. નવાપુરા વિસ્તારમાં રહેતા સ્થાનિકોએ જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા સમયથી અહીં પીવાનું પાણી અત્યંત ગંદું આવી રહ્યું છે. 40 વર્ષથી અહીં રહેતા એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે, પાણી એટલું ખરાબ હોય છે કે તેઓ અન્ય વિસ્તારમાંથી પીવાના પાણીની બોટલો ભરીને લાવવા મજબૂર બન્યા છે. ચોમાસા દરમિયાન આ વિસ્તારની હાલત વધુ કફોડી બને છે. સ્થાનિકોના



જણાવ્યા મુજબ, ગટર લાઈનની યોગ્ય વ્યવસ્થા ન હોવાને કારણે વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જાય છે. અગાઉના વરસાદમાં ઘરોમાં પાણી ભરાઈ જવાથી અનાજ અને ઘરવખરીને ભારે નુકસાન થયું હતું. લોકોએ પલંગ નીચે ટેકા મૂકીને રાત વિતાવવી પડી હતી. ચૂંટણી સમયે નેતાઓ આવે છે, આશ્વાસન આપે છે, પણ કામ થતું નથી. સ્થાનિક રહીશોએ જણાવ્યું કે, “બાલુ શુક્લા જેવા નેતા આવે છે, સમસ્યા સાંભળીને જતા રહે છે, પણ કોઈ કાયમી નિકાલ આવતો નથી”. ઘણા રહીશો તો પોતાના વિસ્તારના કોર્પોરેટર કોણ છે તેનાથી પણ અજાણ છે, કારણ કે સમસ્યાઓનો કોઈ ઉકેલ જ મળતો નથી. માત્ર માળખાગત સુવિધાઓ જ નહીં, પણ વિસ્તારના શ્રમિકો પોલીસની કનડગતથી પણ પરેશાન છે. ફેરી કરીને ગુજરાન ચલાવતા લોકોએ વ્યથા ઠાલવી હતી કે, મજૂરી માટે નીકળતા શ્રમિકોને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવે છે.

ખાદ્ય વ્યવસાયિકોના લાયસન્સ-રજિસ્ટ્રેશનના નિયમોમાં બદલાવ

# હવે રૂ. 1.5 કરોડ સુધીના ટર્નઓવર માટે માત્ર રજિસ્ટ્રેશન જ પર્યાપ્ત

(પ્રતિનિધિ), વડોદરા. તા.7

વડોદરા શહેરના ખાદ્ય પદાર્થોના વેપાર સાથે સંકળાયેલા નાના-મોટા તમામ વ્યવસાયિકો માટે રાહતના સમાચાર આવ્યા છે. ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (FSSAI) દ્વારા લાયસન્સ અને રજીસ્ટ્રેશન મેળવવા માટેના વાર્ષિક ટર્નઓવરના સ્લેબમાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકાના જનસંપર્ક વિભાગની અખબારી યાદી મુજબ, આ નવા નિયમોનો અમલ 1 એપ્રિલ 2026 થી સમગ્ર દેશમાં કરી દેવામાં આવ્યો છે. અગાઉના જટિલ નિયમોને સરળ બનાવીને સરકારે ટર્નઓવરની મર્યાદામાં મોટો વધારો કર્યો છે, જેથી નાના વેપારીઓને લાયસન્સની લાંબી પ્રક્રિયામાંથી મુક્તિ મળી શકે. અગાઉ માત્ર રૂ. 12 લાખ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા વેપારીઓએ જ રજીસ્ટ્રેશન કરાવવાનું રહેતું હતું. હવે આ મર્યાદા વધારીને રૂ. 1.5 કરોડ કરવામાં આવી છે. એટલે કે, રૂ. 1.5 કરોડ સુધીનું વેચાણ ધરાવતા એકમોએ હવે માત્ર રજીસ્ટ્રેશન મેળવવાનું રહેશે. અગાઉ રૂ. 12 લાખથી 20 કરોડ સુધીની મર્યાદા લાયસન્સ માટે હતી. હવે નવા નિયમ મુજબ, રૂ. 1.5 કરોડ થી રૂ. 50 કરોડ સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતા ખાદ્ય એકમોએ સ્ટેટ લાયસન્સ લેવાનું રહેશે. જે વ્યવસાયિકોનું વાર્ષિક ટર્નઓવર રૂ. 50 કરોડ કે તેથી વધુ છે, તેમને હવે સેન્ટ્રલ લાયસન્સની શ્રેણીમાં મૂકવામાં આવ્યા છે. નાના લારી-ગલ્લા, હોટલ, રેસ્ટોરન્ટ અને કેટરર્સ, ખાદ્ય ચીજવસ્તુઓના ઉત્પાદકો, હોલસેલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર્સ જેવા વ્યવસાયોનો સમાવેશ થાય છે. આ ફેરફારને કારણે હવે લાયસન્સ અને રજીસ્ટ્રેશનની પ્રક્રિયા વધુ ઝડપી, સરળ અને વહીવટી અવરોધો વગરની બનશે. લાયકાત ધરાવતા તમામ ફૂડ બીઝનેસ ઓપરેટરોએ www.foscos.fssai.gov.in પોર્ટલ પર જઈને ઓનલાઈન અરજી કરવાની રહેશે.

રતનપુરના બુટલેગર સહિત તેના પરિવારના 5 સામે ગુજસીટોક કાર્યવાહી કરાઇ હતી

# લીસ્ટેડ બુટલેગર રાકેશ ઉર્ફે લાલા સહિત બે આરોપીઓની જામીન અરજી નામંજૂર

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરા જિલ્લા ના રતનપુર ગામે મોટા પાયે વિદેશી દારૂનો વેપલો કરતા લીસ્ટેડ બુટલેગર રાકેશ ઉર્ફે લાલા સહિત તેના પરિવારના પાંચ આરોપીની સામે ગુજસીટોક એક્ટ હેઠળ જેલ ભેગા કરી દેવામાં આવ્યા હતાં. જયસ્વાલ ગેંગના મુખ્ય આરોપી લાલા અને રાજેશ ઉર્ફે ખન્નાની જામીન અરજી કોર્ટે નામંજૂર કરી છે.

લીસ્ટેડ બુટલેગર રાકેશકુમાર ઉર્ફે લાલો રજનીકાન્ત જયસ્વાલ, હીતેષકુમાર ઉર્ફે પપ્પુ રજનીકાન્ત જયસ્વાલ, સચીન રાકેશકુમાર ઉર્ફે લાલો જયસ્વાલ,સીમાબેન પત્ની રાકેશ ઉર્ફે લાલો જયસ્વાલ અને રાજેશ ઉર્ફે ખન્ના શામળ ઉર્ફે સામંત બારીયા એ સંગઠિત રીતે ગેંગ બનાવી વડોદરા ગ્રામ્ય સહિત અમદાવાદ, સુરત અને છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું નેટવર્ક ઉભું કર્યું હતું. ગેંગ દ્વારા પ્રાણઘાતક હથિયારો વડે હુમલા, હત્યાના પ્રયાસ, રાયોટિંગ, સરકારી ફરજમાં રૂકાવટ, ગેરકાયદેસર દારૂની હેરાફેરી અને વેચાણ, તેમજ ખોટા દસ્તાવેજો બનાવી આર્થિક લાભ મેળવવાના ગુનાઓ આચરવામાં આવતા હતા. તપાસ દરમિયાન આરોપી સચીન જયસ્વાલના બેન્ક ખાતાઓમાં કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન સામે આવ્યા હતા. “જય માતાજી ફ્રુટ એન્ડ વેજીટેબલ” નામે ખોટી ફર્મ બનાવી દારૂના ધંધાના નાણાં યુપીઆઈ મારફતે જમા કરાવવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. અંદાજે 4 કરોડથી વધુ રકમના ટ્રાન્ઝેક્શન અને આશરે 21 હજાર જેટલા ટ્રાન્ઝેક્શન થયાનું બહાર આવ્યું છે. પોલીસે આરોપીઓના મોબાઈલ ફોન, બેન્ક ખાતાઓ, વાહનો સહિતના પુરાવા કબજે કરી એફએસએલ તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મોબાઈલમાંથી દારૂના વ્યવહાર, નાણાંની હેરફેર, ક્યું આર કોડ અને વોટ્સએપ ચેટ જેવા પુરાવાઓ મળ્યા છે. દરમિયાન જાણવા મળ્યું છે કે તમામ આરોપીઓ વિરુદ્ધ કુલ 33 જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જેમાં અરજદાર આરોપી સચીન જયસ્વાલ વિરુદ્ધ પણ અનેક ગુનાઓ નોંધાયેલા છે. આરોપીઓ જામીન પર છૂટે તો સાક્ષીઓને ધમકી આપવાની અને ફરીથી ગુનાહિત પ્રવૃત્તિ શરૂ કરવાની શક્યતા દર્શાવવામાં આવી હતી. જેનાં માટે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર ગુજસીટોક દ્વારા રાકેશ ઉર્ફે લાલા તથા રાજેશ ઉર્ફે ખન્નાની રેગ્યુલર જામીન અરજી રદ કરવા માટે ધારદાર દલીલો કરાઈ તેને ધ્યાનમાં રાખીને મેજીસ્ટ્રેટ દ્વારા બંને આરોપીની જામીન અરજી નામંજૂર કરાઈ છે.

બુધવાર 8 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લાદવામાં આવશે

# NHSRCLના પ્રોજેક્ટને કારણે વડોદરા ડિવિ.ની ટ્રેનો પ્રભાવિત થશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) પ્રોજેક્ટના ગેરતપુર-અમદાવાદ સેક્શન પર જરૂરી કાર્ય હાથ ધરવાનું આયોજન કરાયું છે. આ કાર્ય માટે બુધવાર 8 એપ્રિલના રોજ ટ્રાફિક બ્લોક લાદવામાં આવશે. પરિણામે, વડોદરા ડિવિઝનની ટ્રેનોને અસર થશે. રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નંબર 69102 વટવા-વડોદરા મેમુ અને ટ્રેન નંબર 69115 વડોદરા-વટવા મેમુ 8 એપ્રિલના રોજ રદ કરાશે. ટ્રેન નંબર 22959 વડોદરા-જામનગર ઈન્ટરસિટી બુધવારે ના રોજ રદ કરાશે. ટ્રેન નંબર 22960 જામનગર - વડોદરા ઈન્ટરસિટી 9 એપ્રિલના રોજ રદ કરાશે. જ્યારે, આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19033 વલસાડ - અમદાવાદ ગુજરાત ક્વીન 8 એપ્રિલ ના રોજ વડોદરા - અમદાવાદ વચ્ચે આંશિક રીતે રદ કરાશે. પુનઃનિર્ધારિત ટ્રેનોમાં ટ્રેન નં. 12009 મુંબઈ સેન્ટ્રલ - અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ 8 એપ્રિલના રોજ મુંબઈ સેન્ટ્રલથી લગભગ 1 કલાક 15 મિનિટ મોડી ઉપડશે. નિયમન કરાયેલી ટ્રેનોમાં ટ્રેન નં. 19484 સહરસા - અમદાવાદ એક્સપ્રેસ 8 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 2 કલાક 10 મિનિટ મોડી નિયમન કરાશે. ટ્રેન નં. 12834 હાવડા-અમદાવાદ એક્સપ્રેસ 8 એપ્રિલના રોજ વડોદરા ડિવિઝનમાં આશરે 2 કલાક 10 મિનિટ માટે નિયમન કરાશે. ટ્રેન નં. 22718 સિકંદરાબાદ-રાજકોટ સુપરફાસ્ટ પણ વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક માટે નિયમન કરાશે. ટ્રેન નં. 15636 ગુવાહાટી-ઓખા એક્સપ્રેસ 8 એપ્રિલ વડોદરા ડિવિઝનમાં આશરે 1 કલાક માટે નિયમન કરાશે.

યાકુતપુરામાં રિક્ષાચાલક બે ભાઈઓ પર ઘાતક હુમલો


# બિચ્છુ ગેંગના અસફાક સહિતના શખ્સોનો બે ભાઈ પર જીવલેણ હુમલો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરા શહેરમાં ફરી એકવાર ગુનાખોરી માથું ઊંચકતી નજરે પડી રહી છે. કુખ્યાત બિચ્છુ ગેંગ ફરી સક્રિય બનતાં માથાભારે અસ્ફાખ સહિતની ગેંગ દ્વારા યાકુતપુરા વિસ્તારમાં રિક્ષાચાલક બે ભાઈઓ પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગુજસીટોક હેઠળ જેલમાં ભોગવી બહાર આવેલા અસફાક શેખ ફરી આતંક મચાવતા પોલીસ દોડતી થઈ છે.

વડોદરાના યાકુતપુરા વિસ્તારમાં રહેતા સૈયદ પરિવારના બે ભાઈઓ પર બિચ્છુ ગેંગના સભ્યો દ્વારા જૂની અદાવતને લઈને હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ગેંગનો મુખ્ય શખ્સ અસફાક શેખ પોતાના સાથીદારો સાથે મળીને ઘાતક હથિયારો વડે બંને ભાઈઓને નિશાન બનાવ્યા હતા. હુમલો ગંભીર રીતે કર્યો હતો કે બંને ભાઈઓને ગંભીર





ઈજાઓ સાથે લોહી લુહાણ હાલતમાં તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેઓ હાલ સારવાર હેઠળ છે. ઘટનાના દશ્યો નજીકમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થયા છે, જેમાં હુમલાખોરો હુમલો કરીને ભાગતા જોવા મળે છે. આ વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જ શહેર પોલીસ હરકતમાં આવી ગઈ છે. મહત્વપૂર્ણ એ છે કે આરોપી અસફાક શેખ અગાઉ ગુજસીટોક હેઠળ જેલમાં હતો અને થોડા સમય પહેલાં જ બહાર આવ્યો હતો. જેલમાંથી છૂટ્યા બાદ ફરીથી ગેંગને સક્રિય કરીને ગુનાખોરી શરૂ કરવાથી પોલીસ તંત્ર પર પણ સવાલો ઉઠી રહ્યા છે. હાલ સિટી પોલીસ દ્વારા આરોપીઓને પકડવા માટે જુદા જુદા વિસ્તારોમાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે આરોપીઓને ઝડપીને કડક કાર્યવાહી કરાશે. આ ઘટનાથી યાકુતપુરા સહિત આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો છે અને સ્થાનિકો દ્વારા પોલીસ પાસે કડક પગલાં લેવાની માંગ ઉઠી રહી છે.

તમામ સ્ટેશનો પર સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવા નિર્દેશ

# પ્રતાપનગર-એકતાનગર સેક્શનનું DRM દ્વારા નિરીક્ષણ કરાયું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ પ્રતાપનગર-એકતાનગર સેક્શનનું નિરીક્ષણ કર્યું હતું. નિરીક્ષણ દરમિયાન તેમણે મોરિયા સ્ટેશનને ક્લાસ ડી થી ક્લાસ બી માં અપગ્રેડ કરવા માટે કરવામાં આવી રહેલા નોન-ઈન્ટરલોકિંગ કાર્યનું સલામતી નિરીક્ષણ પણ કર્યું હતું. પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ પ્રતાપનગર-એકતાનગર સેક્શનનું નિરીક્ષણ કર્યું હતું, તેમણે કુંઢેલા અને તિલકવાડા સ્ટેશનો પર બાંધકામ હેઠળના ફૂટઓવરબ્રિજ, સ્ટેશન માસ્ટર પેનલ રૂમ અને હાઈ-લેવલ પ્લેટફોર્મ નંબર 1 નું નિરીક્ષણ કર્યું. ડભોઈ સ્ટેશન પર, તેમણે નિર્માણાધીન ફૂટ ઓવરબ્રિજ અને રેલ્વે પ્લેટફોર્મનું નિરીક્ષણ કર્યું અને સંબંધિત વિભાગને સમયસર કામ પૂર્ણ કરવા નિર્દેશ આપ્યો. તિલકવાડા



સ્ટેશન પર, તેમણે નિર્દેશ આપ્યો કે નિર્માણાધીન ઓવરબ્રિજનું કામ ઝડપી બનાવવામાં આવે અને મુસાફરોની સુવિધાઓ ધ્યાનમાં રાખવામાં આવે. ડિવિઝનલ મેનેજરે મુસાફરોની સુવિધા માટે તમામ સ્ટેશનો પર પાણી, શેડ કવર, સ્વચ્છતા, લાઈટિંગ, પંખા અને બેઠક વ્યવસ્થાનું નિરીક્ષણ કર્યું અને સ્વચ્છ ભારત મિશન હેઠળ તમામ સ્ટેશનો પર સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપવાનો નિર્દેશ આપ્યો છે. સાથે મોરિયા સ્ટેશનને ક્લાસ ડી થી ક્લાસ બી માં અપગ્રેડ કરવા માટે કરવામાં આવી રહેલા નોન-ઈન્ટરલોકિંગ કાર્યનું સલામતી નિરીક્ષણ પણ કર્યું હતું.

## વડોદરામાં આદર્શ આચારસંહિતા અમલ માટે જાહેરનામુ પ્રસિદ્ધ

વડોદરા : રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આદર્શ આચારસંહિતા અમલ કરવામાં આવી છે. જે મુજબ શાસક પક્ષ, રાજકીય પક્ષો કે ઉમેદવારોએ/વહીવટી તંત્ર દ્વારા/કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે સબંધિતોએ રાજ્ય ચૂંટણી આયોગના નિતિ નિયમોનુસાર આદર્શ આચારસંહિતાનો અમલ કરવાનો થાય છે. ચૂંટણી દરમ્યાન વડોદરા શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિનો તથા કોમી એખલાસ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા બી. એસ. પટેલ, દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂએ આગામી તા. તા.૨૮/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વિવિધ પ્રવૃતિઓ પર પ્રતિબંધ ફરમાવામાં આવ્યો છે.

રસ્તાઓની સફાઈ સાથે ઝાડનું ટ્રીમિંગ અને દબાણો દૂર કરાયા

# વન ડે વન રોડ અભિયાન હેઠળ વોર્ડ નંબર 9નો ગોત્રી વિસ્તાર ઝળહળ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરાને સ્વચ્છ અને સુઘડ બનાવવાના ઉમદા હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવેલા ‘વન ડે વન રોડ’ સફાઈ અભિયાન અંતર્ગત આજે શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવતા ગોત્રી અને નારાયણ ગાર્ડન રોડ પર સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી. પાલિકાના અલગ-અલગ વિભાગોના સંકલનથી આજે આ સમગ્ર પટ્ટાની કાયાપલટ જોવા મળી હતી. આ અભિયાનની ખાસિયત એ રહી હતી કે તેમાં કોઈ એક વિભાગ નહીં, પરંતુ પાલિકાના તમામ મહત્વના વિભાગોએ એકસાથે મેદાનમાં ઉતરી કામગીરી કરી હતી. જેમાં મુખ્યત્વે રોડ-રસ્તાની ઉંડાણપૂર્વક સફાઈ અને ડિવાઈડરો વચ્ચે ભરાયેલી ધૂળ તેમજ કચરાનો નિકાલ કરવામાં આવ્યો. રોડની બંને બાજુએ ફૂટી નીકળેલા



વધારાના ઘાસ અને વાહનો કે રાહદારીઓને નડતરરૂપ બનતા ઝાડની ડાળીઓનું વ્યવસ્થિત કટીંગ અને ટ્રીમિંગ કરવામાં આવ્યું. ફૂટપાથ અને રોડ પર નડતરરૂપ લારી-ગલ્લા કે અન્ય હંગામી દબાણો સામે લાલ આંખ કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો. રોડની સ્થિતિ, ગટરના ઢાંકણા અને અન્ય ટેકનિકલ મરામતની કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી સુધારા કર્યા. આ સફાઈ અભિયાનમાં પાલિકાના ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા. સવારથી જ નારાયણ ગાર્ડન વિસ્તારમાં ટ્રેક્ટરો, જેસીબી અને સફાઈ કામદારોના કાફલા સાથે કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

અમદાવાદનો શખ્સ વેપારીને ચૂનો ચોપડી ગયો

# અલકાપુરીના ચાંદીના વેપારી સાથે રૂા. 17.33 લાખની છેતરપીંડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.7

વડોદરા શહેરનાં હરણી રોડ વિસ્તારમાં રહેતા અને અલકાપુરીમાં ચાંદીનો ધંધો કરતા વેપારી સાથે રૂપિયા 17.33 લાખના ચાંદીના દાગીના લઈને અમદાવાદનો ઠગ ફરાર થઈ ગયો હતો. જે રૂપિયા પરત નહીં આપતા વેપારીએ અમદાવાદના શખ્સ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

વડોદરાનાં હરણી રોડ વિસ્તારમાં આવેલી ઈન્દ્ર પુરી સોસાયટીમાં રહેતા અને અલકાપુરી વિસ્તારમાં અલંકાર આર્ટ સેન્ટર ખાતે ચાંદીના દાગીના વેચાણનો વ્યવસાય કરતા કલ્પેશ બિપિનચંદ્ર ઝીંઝુવાડીયાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના સંબંધીએ અમદાવાદના દર્શન સુરેશ વોરા નામના વ્યક્તિએ ઓળખાણ કરાવી હતી. ત્યારે દર્શન વોરા પ્રથમ વખત ૨૩ ચાંદીના સેટ કિંમત રૂ. 12.12 લાખ વાઉચર ઉપર લઈ ગયા હતા. બાદમાં આ માલ વેચાઈ ગયો હોવાનું કહી ચુકવણી ટાળવામાં આવી હતી. ત્યારબાદ આ દર્શન વોરા વધુ ચાંદીની માંગણી કરતા અલગ-અલગ વખતમાં અંદાજે 17.33 લાખ રૂપિયાની ચાંદી લઈ ગયા હતા. જેમાંથી માત્ર રૂ. 50 હજાર રોકડ આપ્યા હતા અને બાકીની રકમ માટે બે ચેક આપ્યા હતા. પરંતુ બાદમાં રૂપિયા નહીં ચૂકવી સતત બહાના બતાવતો હતો. ત્યારબાદ રૂપિયા માટે ફોન કરતાં તેણે ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. અનેક પ્રયત્નો છતાં પૈસા પરત આપતો ન હતો. વેપારીને ચાંદીના બદલામાં રૂપિયા નહીં ચૂકવીને છેતરપીંડી આચરી હતી. જેથી વેપારીની ફરિયાદના આધારે અકોટા પોલીસે રૂ.17.33 લાખની ઠગાઈ કરનાર અમદાવાદના શખ્સને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.